**રાજકોટના મહે. ૧૭માં અધિક ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, રાજકોટ**

---

**ફોજદારી કેસ નં.૯૫૧૨/૨૦૨૪**

**આંક –**

શ્રી સરકાર :::::::::::ફરિયાદી

વિ રૂ દ્ધ

મયુરભાઈ રમેશભાઈ તાવીયા ::::::::::::: આરોપી

ગુન્હો :– ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબ.

**:: ચૂ કા દો ::**

/૧/ ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મારૂતી સુઝુકી કં. ના ચાલકે પોતાના હસ્તકનુ વાહન પુરઝડપે અને બેફીકરાઈ થી માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવી ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ. જે ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા, જરૂરી તપાસના અંતે આરોપી સામેના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

/૨/ આરોપી અદાલત સમક્ષ હાજર થતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી નોંધતા, આરોપીએ ગુન્હાનો ઈકરાર કરી, ગુન્હા

કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે, ફરી ગુન્હો નહીં કરે, આ પ્રથમ ગુન્હો છે. જેથી દયા રાખવા અરજ કરેલ છે.

/૩/ આરોપીને ગુન્હાની શિક્ષાની સમજ આપવામાં આવેલ, તેમ છતાં ગુન્હો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીની સ્વૈચ્છીક કબુલાતને ન માનવાને કોઈ કારણ નથી. આરોપીની કબુલાત પુરસીસની હકીકતો તથા અત્રેની અદાલત સમક્ષની રજુઆતો ધ્યાને લેતા, આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ-૨૭૯ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી રૂ. ૫૦૦/- (અંકે રૂપીયા પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિવસ-૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરૂ છું.

હુકમ આજરોજ તા. ૨૨ મી, માહે- જૂન, સને-૨૦૨૪ નાં રોજ લોક-અદાલત ના સ્પેશીયલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**DATE : 22-06-2024**
**PLACE: RAJKOT**

**(SHEETAL VENKATESON MUDALIAR)**
**17th ADDL CHIEF JUDICIAL MAGISTRATE**
**RAJKOT.**
**CODE NO.GJ01217**